# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 12-12-2025** **Evening : 7.00 to 7.10 pm**
**Day : Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રીટા દવે** વાંચે છે.

---

1. 2027ની વસ્તી ગણતરી માટે 11 હજાર 718 કરોડ રૂપિયાના બજેટને કેન્દ્રીય મંત્રીમંડળની મંજૂરી
2. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે ગાંધીનગર ખાતેથી 370 કરોડ રૂપિયાની રકમની શિષ્યવૃત્તિનું વિતરણ કરાયું.
3. મહીસાગર જિલ્લાના બાલાસિનોરમાંથી 2 કરોડ રૂપિયાથી વધુની કિંમતના માદક પદાર્થનું વાવેતર ઝડપાયું
4. મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ હેઠળ 330 કિલોમીટરના સ્ટીલ બ્રિજનું કામ પૂર્ણ થયું
5. દક્ષિણ આફ્રિકામાં યોજાયેલી વિશ્વ ટ્રાયથલે ચેમ્પિયનશિપમાં ભાવનગર જિલ્લાના કુલદિપસિંહ વાળાએ રજત ચંદ્રક જીત્યો

-------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# REV. CABINET CENSUS

કેન્દ્રીય મંત્રીમંડળે 2027 ની વસ્તી ગણતરી માટે 11 હજાર 718 કરોડ રૂપિયાના બજેટને મંજૂરી આપી છે. માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે આજે નવી દિલ્હીમાં પત્રકારોને જણાવ્યું હતું કે 2027 ની વસ્તી ગણતરી બે તબક્કામાં હાથ ધરવામાં આવશે. આ દેશમાં 16મી અને સ્વતંત્રતા પછીની 8મી વસ્તી ગણતરી હશે.

શ્રી વૈષ્ણવે જણાવ્યું હતું કે આ વખતે જાતિગત વસ્તી ગણતરી પણ હાથ ધરાશે. શ્રી વૈષ્ણવે ઉમેર્યું આ પ્રથમ ડિજિટલ વસ્તી ગણતરી હશે. આ કાર્ય માટે 30 લાખ કર્મચારીઓને તૈનાત કરાશે.

(બાઇટ - અશ્વિની વૈષ્ણવ)

----------

# CM SCHOLARSHIP

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે નમો લક્ષ્મી, નમો સરસ્વતી વિજ્ઞાન સાધના, મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ અને મુખ્યમંત્રી જ્ઞાન સેતુ મેરીટ સ્કોલરશીપ યોજના અંતર્ગત ગાંધીનગર ખાતેથી 370 કરોડ રૂપિયાની રકમની શિષ્યવૃત્તિ વિતરણ કરાયું. આ કાર્યક્રમમાં ઉપસ્થિત નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું, પોલિટેકનિકમાં વિદ્યાર્થીઓના પ્રવેશની સંખ્યા 13 હજારથી વધીને 23 હજાર સુધી થઈ છે.

(બાઇટ : હર્ષ સંઘવી, નાયબ મુખ્યમંત્રી)

-------------

# BHARATKOOL

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું, નકારાત્મકતાને હકારાત્મકતામાં બદલીને વિકસિત ભારતનું સ્વપ્ન સાકાર કરીશું. અમદાવાદમાં ગુજરાત મીડિયા ક્લબ આયોજિત 'ભારતકૂલ અધ્યાય-૨' કાર્યક્રમનો પ્રારંભ કરાવતા શ્રી પટેલે, માધ્યમોની કામગીરીની સરાહના કરતાં કહ્યું કે રાજ્યના વિકાસમાં મીડિયાની ભૂમિકા સહાયકની છે.

(બાઇટ : ભૂપેન્દ્ર પટેલ – મુખ્યમંત્રી)

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ ગુજરાતના વિકાસમાં ભાવ, રાગ અને તાલને મહત્વના ગણાવ્યા. તેમણે કહ્યું, વડનગરમાં દેશનું સૌથી મોટું મ્યુઝિક સ્ટુડિયો બનવા જઈ રહ્યો હોવાની અને વડોદરામાં પણ સમાન વ્યવસ્થાઓ ઊભી થઈ રહી હોવાની જાણકારી આપી હતી.

-------------

# VALSAD BRIDGE UPDATE

વલસાડ બ્રિજ દુર્ઘટના અંગે સુરતના અધિક્ષક અને કાર્યપાલક ઈજનેરને તપાસ સોંપાઇ છે. તેઓ એક-બે દિવસમાં તપાસનો અહેવાલ સોંપશે. ઘટના અંગે જિલ્લા કલેક્ટર ભવ્ય વર્માએ જણાવ્યું કે, શ્રમિકો

ગ્રાઉન્ડ લેવલે કામ કરી રહ્યા ત્યારે કોઇ જેકના લીધે અને લોડ બેલેન્સના કારણે આ ઘટના સર્જાઇ હોવાનું અનુમાન છે.

ઉલ્લેખનીય છે, શહેરના કૈલાશ માર્ગ પર બ્રિજના નવ નિર્માણની કામગીરી દરમિયાન બાંધેલી પાલણ તૂટી જતાં પાંચ શ્રમિક આ દુર્ઘટનાનો ભોગ બન્યા હતા. તેઓને ગંભીર ઇજાઓ પહોંચતાં સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.

-------------

# MAHISAGAR MADAK PADARTH

મહીસાગર જિલ્લાના બાલાસિનોરમાંથી 2 કરોડ રૂપિયાથી વધુની કિંમતનો માદક પદાર્થનું વાવેતર ઝડપાયું છે. અમારાં પ્રતિનિધિ જણાવે છે વડદલા રત્નાજીના મુવાડા ગામમાં પોલીસ બાતમીને આધારે તપાસ કરતા 2 કરોડ 37 લાખ રૂપિયાથી વધુની કિંમતના માદક પદાર્થના કુલ 258 છોડ મળી આવ્યા હોવાનું નાયબ પોલીસ અધિક્ષક કમલેશ વસાવાએ જણાવ્યું.

(બાઇટ : કમલેશ વસાવા, Dy.SP)

-------------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube

ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

....................................

# BULLET TRAIN PROJECT

નેશનલ હાઇ સ્પીડ રેલવે કોર્પોરેશન લિમિટેડે મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન કોરિડોર પર મોટી પ્રગતિ નોંધાવી છે. 508 કિલોમીટરમાંથી 330 કિલોમીટર સ્ટીલ બ્રિજ અને 408 કિલોમીટર થાંભલાનું કામ પૂર્ણ થયું છે. નદી, PSC અને સ્ટીલ પુલ સહિતના મુખ્ય પુલનું કામ પૂર્ણ થઈ ગયું છે. જેમાં 4 લાખ 70 હજારથી વધુ અવાજ અવરોધો સ્થાપિત કરાયા છે, અને 260 કિલોમીટરનો RC ટ્રેક બેડ તૈયાર છે. 85 કિલોમીટર સાથે લગભગ 3700 OHE સ્થંભ સ્થાપિત કરવામાં આવ્યા છે.

પાલઘરમાં 21 કિલોમીટરના BKC-શિલફાટા પટ પર સુરંગનું ખોદકામ ચાલી રહ્યું છે. સુરત અને અમદાવાદ ખાતે રોલિંગ સ્ટોક ડેપોનું નિર્માણ ચાલી રહ્યું છે, અને ગુજરાત અને મહારાષ્ટ્રમાં સ્ટેશનનું કામ પણ સતત આગળ વધી રહ્યું છે.

------------

# MEHSANA DUDHSAGAR

મહેસાણાની દૂધસાગર ડેરીના અધ્યક્ષ અને ઉપાધ્યક્ષની આજે વરણી કરાઈ. જેમાં અધ્યક્ષ પદે અશોક ચૌધરી અને ઉપાધ્યક્ષ તરીકે દશરથ પટેલની નિમણૂંક કરવામાં આવી. અધ્યક્ષ પદે ફરીથી વરણી થતાં અશોક ચૌધરીએ પશુપાલકો અને નિયામક મંડળનો આભાર માન્યો. તેમણે જણાવ્યું કે ઘણા વર્ષો પછી આખું નિયામક મંડળ સમરસ થયું છે. આજે પણ અધ્યક્ષ અને ઉપાધ્યક્ષની ચૂંટણી પણ સમરસ થઈ છે. હવે પશુપાલકોને દૂધના સારા ભાવ આપી પારદર્શક વહીવટી કરીશું.

-------------

# PHC KHAATMURAT-KHEDA

ખેડા જિલ્લા નાં સણાલી ગામે રાજ્યમંત્રી સંજયસિંહ મહિડાના હસ્તે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના નવીન મકાનનુ ખાતમુહૂર્ત કરાયું. રાજ્યના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા અંદાજિત ૨ કરોડના ખર્ચે તૈયાર થનાર આ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મકાનમાં મેડીકલ ઓફીસર રૂમ, આયુષ ડૉક્ટર રૂમ, લેબોરેટરી, મમતા ક્લીનીક રૂમ, માઇનોર ઓપરેશન થીયેટર જેવી અત્યાધુનિક મેડિકલ સુવિધાઓ ઉપલબ્ધ થશે. તેમ શ્રી મહિડાએ જણાવ્યું ....

(બાઇટ - સંજયસિંહ મહિડા- રાજ્યમંત્રી)

-------------

# VGRC(2026)-SURENDRANAGAR

રાજકોટ ખાતે આગામી જાન્યુઆરી - 2026 માં યોજાનાર વાઇબ્રન્ટ ગુજરાત રિજિયોનલ  કોન્ફરન્સમાં સૌરાષ્ટ્ર ક્ષેત્રના દરેક જિલ્લામાં રહેલી વિશિષ્ટ ઔદ્યોગિક શક્તિઓને વૈશ્વિક રોકાણકારો સમક્ષ રજૂ કરાશે. સુરેન્દ્રનગર જિલ્લો તેના સોલ્ટ-બેઝ્ડ કેમિકલ ઉદ્યોગો માટે એક આદર્શ હબ બનવા સજ્જ છે.

જિલ્લામાં સોડિયમ ક્લોરાઇડના વિપુલ ઉત્પાદનને લીધે સોડા એશ, કોસ્ટિકસોડા અને ક્લોર-આલ્કલી જેવા મુખ્ય કેમિકલ ઉત્પાદનોના મોટાં પ્લાન્ટ સ્થાપવા રોકાણકારોને આકર્ષી શકે છે. આ ઉપરાંત સુરેન્દ્રનગરમાં ટેક્સટાઇલ અને એગ્રો-બેઝ્ડ ઉદ્યોગોમાં પણ રોકાણની મોટી સંભાવનાઓ રહેલી  છે.

------------

# PALITANA SILVER MEDAL

દક્ષિણ આફ્રિકામાં યોજાયેલી વિશ્વ ટ્રાયથલે ચેમ્પિયનશિપમાં ભાવનગર જિલ્લાના પાલિતાણાના કુલદિપસિંહ વાળાએ રજત ચંદ્રક જીત્યો. કોચ અંકુરસિંહ તેમજ પિતા અને શેત્રુંજી ડેમ કેન્દ્રવર્તી શાળાના આચાર્ય બી.એ.વાળાના માર્ગદર્શન હેઠળ શાનદાર પ્રદર્શન કરતા કુલદીપસિંહે ત્રણ કિલોમીટર દોડ અને સમુદ્રમાં 200 મીટર સ્વીમીંગ

તેમજ શૂટિંગ કરીને તેમના સાથી ખેલાડીઓ સહિતની ટીમે દક્ષિણ આફ્રિકામાં ગુજરાતની સાથે સમગ્ર ભારત દેશનું નામ રોશન કર્યું છે.

-------------

# WEATHER

રાજ્યમાં આજે પણ નલિયા સૌથી ઠંડુ શહેર બન્યું. નલિયામાં ચાલુ સિઝનનું સૌથી નીચું તાપમાન 8.8 ડિગ્રી નોંધાયું. રાજ્યમાં અત્યારે વાતાવરણમાં ઠંડી અને ગરમી બંનેની અસર જોવા મળી રહી છે.

હવામાન વિભાગના નિયામક ડો. એ.કે.દાસના જણાવ્યા અનુસાર, હાલમાં ઉત્તર પૂર્વથી પૂર્વ તરફના પવન ફૂંકાઈ રહ્યા છે, જેથી લઘુત્તમ તાપમાનમાં કોઈ ખાસ બદલાવ જોવા નહીં મળે. ગઈકાલે નલિયાનું લઘુત્તમ તાપમાન 9 ડિગ્રી સેલ્સિયસ હતું આજે બીજા દિવસે 0.2 ડિગ્રીના ઘટાડો નોંધાયો. જ્યારે અમદાવાદમાં 0.3 ડિગ્રી સેલ્સિયસના ઘટાડા સાથે 13.1 ડિગ્રી સેલ્સિયસ લઘુત્તમ તાપમાન નોંધાયું હતું.

-------------

# TAPI - SIR

તાપી જિલ્લાએ મતદાર યાદી સુધારણા અભિયાનમાં સો ટકા સિધ્ધિ હાંસલ કરી છે.

જિલ્લામાં કુલ 5 લાખ 15 હજાર 396 મતદારોને સો ટકા એન્યુમરેશન ફોર્મનું વિતરણ થઈ ચૂક્યું છે અને તમામ ફોર્મ બીએલઓ એપ મારફતે ૧૦૦ ટકા ડિજિટાઇઝ કરવામાં આવ્યાં છે.

જિલ્લાના મતદારોએ સ્વયંભુ ‘સર’ પ્રક્રિયામાં માહિતી આપી આ કાર્યને પૂર્ણ કરવામાં સરકારને સંપૂર્ણ સહયોગ પૂરો પાડી એક ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે.

-------------

# Kuposhan Mukt Mahisagar -CM

“કુપોષણ મુક્ત મહીસાગર અભિયાન'ની સફળતા બદલ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મહીસાગર વહીવટી તંત્રની સમગ્ર ટીમને અભિનંદન પાઠવ્યા છે..

આ અભિયાન અંતર્ગત જિલ્લાના ખાનપુર તાલુકાના બામરોડા-૧ આંગણવાડી વિસ્તારમાં ૩૧ કુપોષિત બાળકોમાંથી ૨૭ બાળકોને સફળતાપૂર્વક સુપોષિત શ્રેણીમાં લાવવામાં આવ્યા છે.

મુખ્યમંત્રીશ્રીએ આ સફળતા માટે જિલ્લાના વહીવટી તંત્ર, આંગણવાડી કાર્યકરો, આશાવર્કર બહેનો, અને તમામ સંબંધિત કર્મચારીઓના સહિયારા પ્રયાસોને બિરદાવ્યા.

-------------